**સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૯**
**આંક –૫૨**

| સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૯ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 09 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | પ્રહલાદસિંગ રામુજી વાઘેલા | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9723166533 |
| ઉંમર આશરે | ૩૭ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | ભડથ તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી બી કંસારા |

(૧) હું ખેતી કરુ છુ અને મારી ખેતીની જમીન ભડથ ગામની નદીની સીમમાં આવેલ છે અને તેની બાજુમાં મારા કુટુંબી ભાઈઓ ભવાનસિંગ, મનુભા, અજુભા જેણભા વિગેરેના ખેતરો આવેલા છે. હું બાર ધોરણ સુધી ભણેલો છું. અમારા ખેતરની નજીકમાં દોઢસો વિઘા જેટલી ગૌચરની જમીન આવેલી છે. ત્યાં ટેકરા ખાડા આવેલા છે.ત્યાં આવેલ રસ્તો પડતર જગ્યામાંથી પસાર થાય છે. જે ગામની સીમમાં તથા અમારા ખેતર તરફ જાય છે. આ ગૌચરની જગ્યા ઉપર મદારસિંહ પરમાજી, મકુજી જેસાજી, નાનસિંગજી મદારસિંગ, રાવતજી જેસાજી વિગેરેનો કબજો આવેલો છે અને ત્યાં મગફળીનું વાવેતર હતું.

(૨) બનાવ તા.૧૨/૮/૧૯ના રોજ બનેલો. બનાવ બન્યો ત્યારે હું મારા ઘરે હતો. તે સમયે મારા કાકાના દિકરા ભાઈ અજુભા જેણસીંગ અને મનુભા શાંતુજી તેમના ખેતરે જતા હતા તે સમયે મારા બાપા શાંતુસિંગનો મારા પર ફોન આવેલ અને કહેલ કે ગાડી લઈને આવજે ગમે ત્યાંથી અજુભાને કરંટ આવ્યો છે અને મનુભાને માથા વાગ્યુ છે એટલે દવાખાનામાં

સાહેદની સહી............................

લઈ જવાના છે અને ખાનગી વાહનમાં બનાવવાળી જગ્યાએ લઈને ગયેલો અને ત્યાં જઈને જોયુ તો નાનસિંગ મદારસિંગના હાથમાં કુહાડી હતી અને મદારસિંગ પરમાસિંગના હાથમાં ધારીયા જેવુ હતું અને મકુજી જેસાજીના હાથમાં લાકડી હતી અને રાવતસિંગ જેસાજીના હાથમાં ધોકા જેવુ હતુ. મે બનાવ નજરે જોયેલ નથી. મે જોયેલ તો અજુભાને જમણા હાથે આંગળીના ભાગે કરંટ લાગેલ હતો. મનુભાને માથાના ડાબા ભાગે વાગેલ હતુ અને લોહી આવતુ હતુ જેથી અમો આ બંન્ને સરકારી દવાખાને લઈ ગયેલા. પોલીસે મારી પુછપરછ કરેલી. આરોપીઓને હું ઓળખુ છુ, જે આજરોજ અદાલતમાં છે.

**સરતપાસ પુરી.**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.આર.વી.સોલંકી..</u>**

(૩) હાલના ફરીયાદી છે તે મારા કુટુંબી ભાઈ થાય છે. એ વાત ખરી છે કે હું ભડથ ગામમાં રહુ છું. એ વાત ખરી છે કે મે બનાવ નજરે જોયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવ બન્યા પછી હું હાજર થયેલો.

**વિશેષ ઉલટતપાસ નથી,**
**ફેર ઉલટતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૮/૦૧/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી............................